ગાંધીનગર સમાચાર

દિકરીને ફેંકી કેનાલમાં પડેલ બાપનો મૃતદેહ મળ્યો

# નેશનલ હેન્ડબોલમાં ગાંધીનગર સાઈનો ડંકો

## વિજેતા ટીમોના ખેલાડીઓ ભારતીય હેન્ડબોલની નેશનલ ટીમમાં પસંદગી પામી શકે છે






'ગુજરાતની ટીમોએ ગત વર્ષે રમાયેલ ટુર્નામેન્ટમાં એક ગોલ્ડ અને ત્રણ સિલ્વર મેડલ મેળવ્યા હતા પરંતુ આ વર્ષે અમે ખૂબ મહેનત કરી હતી. ૧૬-૧૭ કલાક કામ કર્યું હતું. જેમાં ખેલાડીઓએ પણ મહેનત ઘણી કરી હતી. મેં નક્કી કર્યું હતું કે મારે ગુજરાતની ટીમને નં. ૧ બનાવવી છે અને આજે અમારી ચારેય ટીમો ઓલ ઈન્ડિયા સાઈ ટુર્નામેન્ટમાં વિજેતા બની છે. વિજેતા ટીમના ખેલાડીઓ નેશનલ ટીમમાં સ્થાન મેળવી ગોલ્ડ મેડલ જીતી દેશનું તથા સાઈ ગુજરાતનું નામ રોશન કરે તેવી મારી શુભેચ્છાઓ છે.'

**- શશિ મોહન ધુમાલ**
**કો-ઓર્ડિનેટર એન્ડ કોચ, ઓલ ઈન્ડિયા સાઈ હેન્ડબોલ ટીમ**



ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર ખાતે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા-સાઈ સંકુલમાં તા. ૮મી ઓગષ્ટથી પ્રારંભ થયેલ ઓલ ઈન્ડિયા ઈન્ટર સાઈ હેન્ડબોલ ટુર્નામેન્ટનું આજે સમાપન થયું હતું. આ ટુર્નામેન્ટ બોયઝ અને ગર્લ્સ બંને માટે બે અલગ અલગ કેટેગરી અન્ડર-૧૫ અને અન્ડર-૧૯ એમ ચાર વિભાગમાં રમાઈ હતી. ટુર્નામેન્ટના ચારેય વિભાગમાં ગાંધીનગર સાઈની ટીમોએ ઉત્કૃષ્ઠ દેખાવ કરી વિજેતા બનતા શહેરનું નામ રોશન કર્યું છે.

સાઈ સંકુલ ખાતે આયોજિત ઈન્ટર સાઈ નેશનલ ટુર્નામેન્ટમાં ગાંધીનગરની ટીમોએ ડંકો વગાડયો છે. ફાઈનલ મેચમાં બોયઝ વિભાગમાં અન્ડર-૧૯ કેટેગરીમાં ગાંધીનગર સાઈએ આર.સી. સોનિપતની ટીમને ૨૮-૨૬થી હાર આપી હતી જયારે અન્ડર-૧૫ કેટેગરીમાં પણ ગાંધીનગર સાઈએ આર.સી. સોનિપતને ૨૦-૧૫થી સજ્જડ હાર આપી હતી. ગર્લ્સ વિભાગની અન્ડર-૧૯ કેટેગરીમાં ગાંધીનગર સાઈની ટીમે આર.સી. લખનૌની ટીમને ૨૧-૧૬થી પરાજય આપ્યો હતો. જયારે અન્ડર-૧૫ કેટેગરીમાં સાઈ ગાંધીનગરની ટીમ પ્રથમ ક્રમે અને ચંદીગઢ સાઈની ટીમ દ્વિતિય ક્રમે વિજેતા રહી હતી. આમ ટૂર્નામેન્ટની ચારેય કેટેગરીમાં ગાંધીનગર સાઈની ટીમોએ વિજેતા પદ હાંસલ કર્યું હતું.

ટુર્નામેન્ટના અંતમાં યોજાયેલ સમાપન સમારોહમાં મુખ્ય મહેમાનપદે ગાંધીનગર પોલીસ વિભાગના ડીવાયએસપી જે.એમ. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત આ સમારંભમાં સાઈના રિજિયોનલ ડાયરેકટર આર.કે. નાયડુ તથા તેમના ધર્મપત્નિ શ્રીમતી નાયડુ, હેડબોલ ફેડરેશન ઓફ ઈન્ડિયાના ટેકનિકલ ડાયરેકટર અત્તાલુ મઝુમદાર, ડેપ્યુટી ડાયરેકટર વીરસિંહ ચૌહાણ, નેશનલ કોચિંગ કેમ્પ હેન્ડબોલ કોચ સુધાકર આચાર્ય, ટુર્નામેન્ટના ટેકનિકલ ડાયરેકટર તથા હેન્ડબોલ કોચ સુરેન્દ્ર દહિયા અને ઓલ ઈન્ડિયા સાઈ હેન્ડબોલ ટીમના કોઓર્ડિનેટર તથા કોચ શશિમોહન ધુમાલ ઉપસ્થિત રહ્યા હતા અને વિજેતા ટીમોને ટ્રોફી તથા તમામ ખેલાડીઓને ઈનામોથી નવાજયા હતા. આ પ્રસંગે રિજિયોનલ ડાયરેકટર આર.કે નાયડુએ તમામ ટીમના ખેલાડીઓને ઉત્કૃષ્ઠ રમત માટે અભિનંદન પાઠવ્યા હતા અને વિજેતાઓને શુભેચ્છા પાઠવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ઓલ ઈન્ડિયા સાઈ હેન્ડબોલ ટીમના કોચ શશિમોહન ધુમાલે વિજેતા ખેલાડીઓને અભિનંદન આપવા સાથે જણાવ્યું હતું કે આ ખેલાડીઓને ભારતીય હેન્ડબોલની નેશનલ ટીમમાં સ્થાન મળવાની તકો ઉજળી થવા પામી છે.

## @ગાંધીનગર

● સે-૨૩માં આવેલ સ્વામિનારાયણ મંદિર ખાતે સાંજે ૫.૦૦થી ૮.૩૦ કલાક દરમિયાન મૃતિકા કલા કૌશલ્યના કલાત્મક હિંડોળા યોજાશે.

● શ્રીજી શ્રીગોવર્ધનાથજીની હવેલી, સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન ફીરોજી ઘટાના હિંડોળા યોજાશે.

● સે-૨ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે ફૂટનાા હિંડોળા યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે ચંદ્રકાંતભાઈ ઓઝાના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૩૩૫/૨, સે-૨ બી ખાતે શિવરૂદ્રાભિષેક તેમજ શિવ મહિમ્નના પાઠ યોજાશે.

● સે-૨૩, સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે સ્વ.અરવિંદભાઈ પંડયાના નિવાસસ્થાન બ્લોક નં. ૨૯/૪, છ ટાઈપ ખાતે ભોળાનાથના શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના કરવામાં આવશે.

● સે-૨૬ સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા ભરતભાઈ ઉપાધ્યાયના નિવાસસ્થાન સી-૫૩, ગ્રીનસીટી ખાતે રાત્રે ૯ કલાકે શિવ મહિમ્નના પાઠ યોજાશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે શિવકથા તેમજ મકાઈના હિંડોળા યોજાશે.

● સે-૧ સમદર્શન આશ્રમ ખાતે શ્રાવણ માસ નિમિત્તે સાંજે ૬.૩૦થી ૮.૦૦ કલાક દરમિયાન વિષ્ણુ સહસ્ત્રનામ વિષય ઉપર પૂજય ગુરૂમા સમાનંદજી દ્વારા શ્રાવણી સત્સંગ કરાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા સંસ્થાના પ્રમુખ ચંદ્રિકાબેન રાવલના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૦૩૧/૨, સે-૪-એ ખાતે શિવમહિમ્નના પાઠ યોજાશે.

## વાતવાતમાં

● ઈન્ફોસીટીમાં મુંબઈની એક કંપની દ્વારા ન્યુકિલઅર સાયન્સના અભ્યાસ અર્થે અલગ અલગ રાજયોના ૮૦થી વધુ ટોપર્સ વિદ્યાર્થીઓની કેમ્પસ ઈન્ટરવ્યુથી પસંદગી કરી બેંકની એજયુકેશન લોન સાથે એડમિશન આપી સ્ટાઈપેન્ડ ચુકવવાનું વચન આપ્યું હતું. જો કે બે ત્રણ મહિના બધુ બરાબર ચલાવી માત્ર છ માસના ગાળામાં આ કંપની લાખોનું ફુલેકુ વાળી જતી રહેતા બેંકની લોન ભરપાઈ માટે વિદ્યાર્થીઓ પર ઘોંસ વધી છે જેને પગલે વિદ્યાર્થીઓએ ફરિયાદ દાખલ કરવા પ્રયત્નો હાથ ધર્યા છે.

● છેલ્લા સપ્તાહમાં સતત વરસાદી માહોલમાંથી ગુરુવારે શહેરને વિરામ મળ્યો હતો. ઘણા દિવસે વરાંપ નિકળતા નગરજનોએ વરસાદના કારણે અટકી પડેલ કાર્યો હાથ ધર્યા હતા.

● સતત વરસાદી માહોલના કારણે શહેરમાં અનેક વૃક્ષો જોખમી હાલતમાં આવી જવા પામ્યા છે. શહેરમાં વિવિધ સ્થળે આશરે દસેક જેટલા વૃક્ષો ખૂબ નમી પડયા છે અથવા ઢળી પડયા હોય તેવી પરિસ્થિતિ સર્જાઈ છે.

● ગુરુવારે વરસાદે વિરામ લેતા સરકારી કાર્યાલયોમાં પોતાના પેન્ડિંગ કાર્યો પતાવવા નગરજનો સહિત બહારગામથી આવતા મુલાકાતીઓનો ધસારો વધી જવા પામ્યો હતો. આગામી સપ્તાહથી જથ્થાબંધ સ્ટોકમાં આવી રહેલ સરકારી રજાઓના પગલે પણ પોતાના અટકેલા કામો વધુ સમય સુધી વિલંબિત ના રહે તે હેતુથી સચિવાલય તથા અન્ય કચેરીઓમાં ધમધમાટ જોવા મળ્યો હતો.

# સે-૨૮ બ્રહ્માકુમારીઝ રક્ષાબંધન ઉજવશે

ગાંધીનગર, તા.૧૧

ભાઈ બહેનના તથા આત્મા (પુત્ર) અને પરમાત્મા (માતાપિતા) ના નિસ્વાર્થ, નિષ્કલંક અને પવિત્ર પ્રેમનો તહેવાર રક્ષાબંધન-બળેવ ફકત પવિત્ર બહેનો દ્વારા સંચાલિત અને પ્રસાશિત પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના ભારત સહિત વિશ્વના ૧૪૦ દેશોમાં આવેલ ૮૫૦૦ જેટલા આધ્યાત્મિક સેવા સ્થાનો પર ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે.

સે-૨૮ ખાતે આવેલ વિદ્યાલયના સેવા કેન્દ્ર ખાતે પણ રક્ષાબંધન પર્વની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે પણ ૧૨થી ૧૮ ઓગષ્ટ દરમિયાન રક્ષાબંધન મહોત્સવ મનાવવામાં આવી રહેલ છે. જે અંતર્ગત રાજયના ગર્વનર ઓ.પી. કોહલી, મુખ્યમંત્રી વિજયકુમાર રૂપાણી, નાયબ મુખ્ય મંત્રી નિતીનભાઈ પટેલ, મંત્રી મંડળના કેબીનેટ તથા રાજય કક્ષાના તમામ મંત્રીઓ, વિધાનસભાના સ્પીકર, વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા, ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર પ્રવિણભાઈ પટેલ, ડેપ્યુટી મેયર, મ્યુનિસિપલ કમિશનર ડી.એન. મોદી, કલેકટર સતીષ પટેલ, પોલીસ મહાનિર્દેશક પી.પી. પાંડેય, પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવ, જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી વાઘાજી ઠાકોર, શહેરના વી.આઈ.પી. તથા અગ્રગણ્ય નાગરિકોને તેમના સેવાસ્થાન/નિવાસસ્થાન જઈ શિવ પરમાત્માની શકિત અને વરદાનોથી સંપન્ન રક્ષાસુત્ર પવિત્ર બ્રહ્માકુમારી બહેનો દ્વારા બાંધવામાં આવે છે અને પ્રભુ પ્રસાદથી તેમનું મુખ મીઠું કરાવવામાં આવશે.

સાથે સાથે મહાનગર પાલિકા ખાતે પણ શહેરના તમામ કોર્પોરેટર્સને પણ રક્ષાસુત્ર બાંધવામાં આવશે. તદઉપરાંત ગાંધીનગરમાં આવેલ મીલીટરી, બીએસએફ, સીઆરપીએફ, એસઆરપીએ, પોલીસ ભવન અને ડીએસપી ખાતે અધિકારીઓ અને જવાનોને રક્ષાસુત્ર બાંધી તેમનું જીવન નિર્વ્યસની, સ્વસ્થ, સુખી બને અને પરમાત્મા તેમને દિર્ઘાયુ બક્ષે તેવી શુભભાવના અને શુભકામના કરવામાં આવશે. જયારે મહાત્મા મંદિર અને દાંડિ કુટિર, સચિવાલય વર્ગ-૧ તથા ૨ના અધિકારીશ્રીઓ, વર્ગ-૩ અને ૪ના કર્મચારીઓ, કૃષિ ભવન ખાતે ખેતી, બાગાયત અને પશુપાલન નિયામકશ્રીની કચેરીઓમાં, કલેકટર કચેરી, મ્યુનિસિપલ કોર્પોરેશન, ગાંધીનગર મહાનગરપાલિકા, જીઈબી, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશન લી., બેંક ઓફ બરોડા એકેડમી, એસ.ટી. ડેપો, સિવિલ હોસ્પિટલ ખાતેના તમામ અધિકારીઓ, તબીબો, કર્મચારીઓને રક્ષાબંધન કરવામાં આવશે.

આ પાવનતમ પર્વ પ્રસંગે કેન્દ્રના સંચાલક કૈલાશદીદીએ નગરના શ્રધ્ધાળુઓને સે-૨૮ ખાતે આવેલ સેવા કેન્દ્ર ખાતે પધારી પરમાત્માની યાદ, શકિત અને વરદાનોથી સંપન્ન રાખડી બંધાવી શુભ સંકલ્પના લેવા નિમંત્રણ પાઠવ્યું છે.



શ્રી કૃપા ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા સેકટર-૬ ક્રિશ્ના વૃધ્ધાશ્રમની મુલાકાત લઈ આશ્રમના વડીલોને ગાંઠીયા અને ફ્રુટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ છાયા ખરાડી, ઉપપ્રમુખ ભારતીબેન વાઘેલા, સેક્રેટરી રવિ દવે તેમજ હેપી ટુ હેલ્પના સભ્યો હાજર રહ્યા હતા.

## શ્રી ગૌવર્ધનનાથજીની હવેલીમાં સાવનભાદો મનોરથના હિંડોળા યોજાશે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા આગામી તા. ૧૩ ઓગષ્ટને શનિવારના રોજ સાંજે ૭.૦૦ કલાકે સેકટર-૨૧, શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી વલ્લભધામ ખાતે સાવનભાદો મનોરથના હિંડોળાના દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં વર્ષાઋતુના સુંદર ભવ્ય વાતાવરણમાં વરસતા વરસાદ, ગાજવીજ વીજળીના ચમકારા, કોયલ મોર-બહીપા જેવા પંખીઓના સુંદર કલરવ વચ્ચે ઠાકોરજીને હિંડોળે ઝુલાવવામાં આવશે. આવા નયન રમ્ય અલૌકિક દર્શનનો લાભ લેવા નગરના તમામ ભાવિક ભકતોને પ્રમુખ ડી.એફ. શાહે અનુરોધ કર્યો છે.




**શ્રાવણમાં દાન પૂણ્યનું પવિત્ર કાર્ય :**
પવિત્ર શ્રાવણ માસ દરમિયાન અનેક વિવિધ ધાર્મિક કાર્યો જોરશોરથી થઈ રહ્યા છે. જેમાં દાન પૂણ્યનું એટલું જ પવિત્ર કાર્ય પણ આ હળાહળ કળીયુગમાં કરી માનવ જન્મારો યથાર્થ કરવા અબોલ જીવોને મદદ કરાય છે. ગાંધીનગરમાં રહેતા અને ચિલોડા એસ.ટી. કંટ્રોલર તરીકે ફરજ બજાવતા રાજદિપસિંહ રાઠોડે શ્રાવણ માસ દરમિયાન વાનરોને દૈનિક બિસ્કીટ ખવડાવવાનો નિયમ કરેલો છે. વાનર પણ માનવની ભાવનાને સમજી લેતા હોય તેમ રાજદિપસિંહ સાથે આવીને બેસી જાય છે અને હોંશે હોંશે બિસ્કીટ ખાય છે. દાન પુણ્યની શ્રેષ્ઠ ક્રિયાને યથાર્થ ઠેરવતી આ ઘટના કળિયુગમાં કર્મના સિધ્ધાંતને ઉજાગર કરી રહી છે. સ્વર્ગ-નરક એ ધરતી ઉપરના જ પ્રાપ્ત ફળોના સ્વરૂપ તરીકે પ્રતિબિંબ થશે એ જાણતાં હોવા છતાંય કેટલાક લોકો અધમ કૃત્ય કરતાં જ રહે છે. જેને ભોગવવાનો સમય આવે છે ત્યારે જ કરેલ કર્મો યાદ આવે છે તેથી જ પૂણ્યનું ભાથું ગમે તે સ્વરૂપે બાંધવું અનિવાર્ય છે જે આ તસવીર બયાન કરી રહી છે.

## બ્રહ્મસમાજ દ્વારા સમુહ યજ્ઞોપવિત બદલવાનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૧

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર દ્વારા આગામી તા. ૧૮ ઓગષ્ટને ગુરુવારના રોજ રક્ષાબંધન નિમિત્તો સમુહ યજ્ઞોપવિત બદલવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

સે-૧૬, બ્રહ્મભવન ખાતે સવારના ૯.૩૦ થી ૧૨.૦૦ કલાક દરમિયાન કાનજીભાઈ શાસ્ત્રીના આચાર્ય પદે સમુહ યજ્ઞોપવિત બદલવાનો કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે સમસ્ત બ્રહ્મસમાજના ભાઈઓને સમયસર હાજર રહેવા તેમજ પુજામાં બેસવા માટે આસન અને પુજા માટે તરભાણુ, પવાલી, સમચી સાથે લઈ આવવા બ્રહ્મસમાજના મહામંત્રી નરેશ દવે દ્વારા અનુરોધ કરાયો છે.

# સીસીટીવી કેમેરા નહી લગાડનાર વધુ ત્રણ વેપારી સામે ગુના દાખલ

## એલસીબીની ટીમે કુડાસણ સ્થિત પ્રમુક આર્કેડમાં ચેકીંગ કર્યું હતું

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરને અડીને આવેલા કુડાસણ ગામની સીમમાં સ્થિત પ્રમુખ આર્કેડ કોમર્શીયલ કોમ્પ્લેક્ષમાં ગાંધીનગર એલસીબીની ટીમે ચેકીંગ હાથ ધર્યું હતું. ચેકીંગમાં વધુ ત્રણ દુકાનોમાં સીસીટીવી ન લાગેલા હોવાનું ધ્યાને આવતા તે ત્રણેય વેપારીઓ સામે જિલ્લા કલેકટરના જાહેરનામા ભંગ બદલ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

પ્રમુખ આર્કેડમાં સ્થિત દુકાન નંબર ૧૨૬, એ.ડી. કોમ્યુનિકેશન, દુકાન નં. એ-૨૬ અક્ષર ટ્રેડર્સ અને જયવિર ઈલેકટ્રોનીકસ એન્ડ સબ મર્સીબલ નામની દુકાનોમાં સીસીટીવી કેમેરા લાગેલા ન હોવાનું ધ્યાને આવ્યું હતું. જે અંતર્ગત એડી કોમ્યુનીકેશનના ભાવેશ હંસાજી પ્રજાપતિ, અક્ષર ટ્રેડર્સના ચેતન દશરથભાઈ પટેલ અને જયવિર ઈલેકટ્રોનીકસ એન્ડ સબ મર્સીબલના માલિક મહેશ મંગળભાઈ પટેલ મળીને ત્રણેય વેપારીઓ સામે આઈપીસી કલમ ૧૮૮ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. એલસીબીના હજારીસિંહે ત્રણેય વેપારીઓ સામે ઈન્ફોસીટી પોલીસ મથકમાં ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## શનિવારે રેશનલ સમાજની માસિક બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૧૧

રેશનલ સમાજ ગાંધીનગર દ્વારા તા. ૧૩ ઓગષ્ટને શનિવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે બ્લોક નં. ૬૧/૧, ઘ ટાઈપ, સેકટર-૨૩ ખાતે માસિક બેઠકનું આયોજન કરવામાં આવ્યુ છે. આ બેઠકમાં સર્વે સભાસદોને ઉપસ્થિત રહેવા સંસ્થાના મંત્રી પંકજભાઈ પટેલે અનુરોધ કર્યો છે.

## શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દહેગામની ૨૪મી વાર્ષિક જનરલ સભા યોજાશે

ગાંધીનગર, તા.૧૧

શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દહેગામ દ્વારા આગામી તા. ૧૪ ઓગષ્ટને રવિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે શ્રી ચીનુભાઈ સોમાભાઈ પ્રજાપતિ સમાજ હોલ-દહેગામ ખાતે સંસ્થાની ૨૪મી વાર્ષિક જનરલ સભાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પરિવાર કલ્યાણ મંચના લાભાર્થીઓને સહાયનો ચાલુ વર્ષનો પ્રથમ હપ્તો ચૂકવવામાં આવશે. સર્વે સભાસદ જ્ઞાતિ બંધુઓને પધારવા સમાજના પ્રમુખ નારણભાઈ પ્રજાપતિએ અનુરોધ કર્યો છે.

# દિકરીને ફેંકી કેનાલમાં પડેલ બાપનો મૃતદેહ મળ્યો

## ૧૧ દિવસ પહેલા મૃતક યુવાને પોતાની અઢી વર્ષની દિકરીને કપડવંજ કેનાલમાં ફેંકી પોતે કેનાલમાં ઝંપલાવ્યું હતું : દિકરીને તરવૈયાઓએ બચાવી લીધી હતી : પાણીના પ્રવાહમાં તણાઈને મૃતદેહ અંબાપુર સુધી પહોંચ્યો

ગાંધીનગર, તા.૧૧

માણસા નગરપાલિકામાં સ્વીપર તરીકે ફરજ બજાવતા ૨૬ વર્ષીય યુવાને પોતાની અઢી વર્ષની દિકરીને કપડવંજ આંત્રોલી નર્મદા કેનાલમાં ફેંકી દઈ પોતે પણ ૧૧ દિવસ પહેલા કેનાલમાં પડતું મુકી દીધું હતું. દિકરીને તો તરવૈયાઓએ બચાવી લીધી હતી પરંતુ તેના પિતાની ભાળ મળતી ન હતી. દરમિયાન આજે ગાંધીનગર નજીક સ્થિત અંબાપુર પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાંથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો. કેનાલમાં પાણીનો પ્રવાહ ચાલુ હોવાથી મૃતદેહ તણાઈને કપડવંજથી છેક અંબાપુર આવી પહોંચ્યો હતો. અડાલજ પોલીસે મૃતદેહ પી.એમ.માટે મોકલી ઉંડી તપાસ શરુ કરી છે.

બપોરના અરસામાં એક યુવાનનો અંબાપુર કેનાલમાં તરતો મૃતદેહ જોવા મળતા પોલીસ અને ફાયરબ્રિગેડ ઘટના સ્થળે આવી પહોંચી હતી. મૃતદેહ બહાર કાઢી તેની ઓળખ માટે પોલીસે તજવીજ શરુ કરી અને મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવવા હોસ્પિટલ લઈ જવા માટે શબવાહિની મંગાવી હતી. શબવાહીની આવી અને તેના ડ્રાઈવરે મૃતકના કપડા જોઈને કહ્યું કે આ તો મારો માસીનો દિકરો છે...! ૧લી તારીખથી લાપતા તેના માસીના દિકરાની શોધખોળ ચાલતી હતી. ડ્રાઈવરે માસીના દિકરાના સગા સંબંધીઓને ઓળખ માટે બોલાવ્યા અને તપાસ કરી તો તે જ હોવાનું ખુલ્યું હતું. ચહેરો ઓળખી શકાય તે સ્થિતિમાં રહ્યો ન હતો પરંતુ તેણે પહેરેલા શર્ટ પરથી ઓળખ થઈ હતી કેમ કે તે જ શર્ટમાં તેણે ફોટો પણ પડાવેલો હતો. માણસા નગરપાલિકામાં સ્વીપર તરીકે અને પાર્ટ ટાઈમ હોમગાર્ડ તરીકે નોકરી કરતા આ ૩૬ વર્ષના યુવાન અર્જુન ભગાભાઈ વાઘેલાનો મૃતદેહ હોવાનું ખુલ્યું હતું. તપાસ કરતા જાણવા મળ્યું કે ૧લી તારીખે કપડવંજના આંત્રોલી ખાતે સ્થિત નર્મદા કેનાલમાં અર્જુને તેની અઢી વર્ષની દિકરીને ફેંકી દીધી હતી અને ત્યાર બાદ પોતે પણ કેનાલમાં કોઈ કારણોસર પડતું મુકયું હતું. દિકરીને તો તરવૈયઓએ બચાવી લીધી હતી પરંતુ પિતા અર્જુનની ભાળ મળતી ન હતી. પાણીના પ્રવાહમાં અર્જુનનો મૃતદેહ તણાઈને છેક અંબાપુર કેનાલે પહોંચી ગયો હતો અને આજે રાહદારીનું ધ્યાન તે મૃતદેહ પર પડતા પોલીસને જાણ થઈ હતી. અડાલજ પોલીસ મથકના જમાદાર મુળજીભાઈએ મૃતદેહ પી.એમ. માટે મોકલી અકસ્માત મોતનો ગુનો નોંધીને આપઘાત કરવા પાછળનું અને પોતાની દિકરીન કેનાલમાં ફેંકી દેવા પાછળનું રહસ્ય બહાર લાવવા તપાસ તેજ બનાવી છે.

## જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ જમ્પ રોપ સ્પર્ધામાં ઝળકી

ગાંધીનગર, તા.૧૧

સેકટર-૭ સ્થિત શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે જિલ્લા કક્ષાની જમ્પ રોપ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શાળાની અંડર-૧૭ અને અંડર-૧૯ બંને ટીમ વિજેતા બની હતી. અંડર-૧૭માં આશા ચૌધરી, જાનકી ચૌધરી, ચંદ્રિકા ચૌધરી, રંજન ચૌધરી, અસ્મિતા ચૌધરી, હીના ચૌધરી, રીના ચૌધરી, ઉર્મિલા ચૌધરી, હેતલ ચૌધરી, રિન્કુ ચૌધરી, શીતલ ચૌધરી અને વર્ષા ચૌધરી વિજેતા થયા હતા. આ ઉપરાંત શાળાની અંડર-૧૯માં માયા ચૌધરી, કાજલ ચૌધરી, આંચલ પટેલ, ભાવિશા ચૌધરી, નીતા ચૌધરી, શીતલ પટેલ, પ્રિયા ચૌધરી, દિવ્યા ઝાલા, ભારતી ચૌધરી, લલિતા ચૌધરી, ઉર્મિ ચૌધરી અને ભાવના ચૌધરી સહિતની વિદ્યાર્થીનીઓ ઉત્કૃષ્ઠ દેખાવ કરી વિજેતા બની હતી. શાળાના આચાર્યા સંતોકબેન ચૌધરી, વ્યાયામ શિક્ષિકા વિનાક્ષીબેન સુતરિયા, લીલાબેન ચૌધરી તથા હેતલબેન દેસાઈએ તમામ વિજેતા વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા છે.

## ચિરવિદાય

- સ્વ. મણીબેન ગાંડાભાઈ ડોડીયા, ઉ.વ. ૭૫
- સ્વ. ભકિતબેન મહેન્દ્રરાય અંજારીયા, ઉ.વ. ૬૫
- સ્વ. બાલાભાઈ ભૂલાભાઈ ત્રિવેદી, ઉ.વ. ૭૨